# ૧. વિવેચનઃ સંજ્ઞા, સમ્પ્રત્યય અને પ્રકારો

૧.૧ પ્રસ્તાવના

૧.૨ સંજ્ઞા

૧.૩ ગુજરાતી વિવેચનના સમ્પ્રત્યયો

  ૧.૩.૧ સુધારક યુગીન વિવેચનના સમ્પ્રત્યયો

  ૧.૩.૨ પંડિતયુગીન વિવેચનના સમ્પ્રત્યયો

  ૧.૩.૩ ગાંધીયુગીન વિવેચનના કેટલાંક સમ્પ્રત્યયો

  ૧.૩.૪ સ્વાતંત્ર્યોત્તરયુગીન વિવેચનના સમ્પ્રત્યયો

૧.૪ વિવેચનના પ્રકારો

  ૧.૪.૧ સૈદ્ધાંતિક વિવેચન

  ૧.૪.૨ કૃતિવિવેચન

૧.૫ અત્રે જણાવેલ વિવેચનપદ્ધતિઓ/અભિગમો વિશે પ્રાથમિક સમજ આપવાનો ઉપક્રમ રાખ્યો છે.

  ૧.૫.૧ સાહિત્યસ્વરૂપલક્ષી પદ્ધતિ (Generic Method)

  ૧.૫.૨ ચરિત્રલક્ષી પદ્ધતિ (Biographical Method)

  ૧.૫.૩. નીતિવાદી અભિગમ (Moral Approach)

  ૧.૫.૪ ઐતિહાસિક અભિગમ (Historical Approach)

  ૧.૫.૫ સૌંદર્યવાદી/પ્રભાવવાદી અભિગમ (Aesthetic/Impressionistic Approach)

  ૧.૫.૬ સમાજશાસ્ત્રીય સાંસ્કૃતિક અભિગમ (Socio-Cultural approach)

૧.૫.૭. માર્ક્સવાદી અભિગમો (Marxist Approach)

૧.૫.૮ મનોવિશ્લેષણવાદી અભિગમ (Psychoanalytic Approach)

૧.૫.૯ પુરાકલ્પનો અને આદ્યરૂપોને લક્ષતુ વિવેચન (Criticism Pertaining To Myths And Archetypes)

૧.૫.૧૦. રશિયન સ્વરૂપવાદ (Russian Formalism)

૧.૫.૧૧ નવ્ય વિવેચન (New Criticism)

૧.૫.૧૨ આધુનિક ભાષાવિજ્ઞાન/શૈલીવિજ્ઞાન પર આધારિત 'વિવેચન' (Criticism Based On Modern Linguistic/Stylistics)

૧.૫.૧૩ સંરચનાવાદી અભિગમ (Structuralist Approach)

૧.૫.૧૪ અનુસંરચનાવાદ અને વિઘટન (Post Structurialism And Deconstruction)

૧.૫.૧૫ ફિનોમિનોલોજી, વાચન-પ્રક્રિયા અને વાચક પ્રતિભાવને લક્ષતા અભિગમો (Phenomenology, reading proass and reading response approches)

૧.૫.૧૬ નારીવાદી અભિગમ (Feminist Approach)

૧.૬ સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિવિવેચનનો પારસ્પરિક સંબંધ

# ૧. વિવેચનઃ સંજ્ઞા, સમ્પ્રત્યય અને પ્રકારો

## ૧.૧ પ્રસ્તાવનાઃ

સાહિત્યવિદો મહદ્અંશે સ્વીકારે છે કે ‘વિવેચન’ ની ચોક્કસ સંજ્ઞા આપવી એ મુશ્કેલ કાર્ય છે. અમુક કૃતિ વિશે તમારો શો અભિપ્રાય છે? એપ્રશ્ન પૂછતાની સાથે જ ભાવકના ચિત્તતંત્રમાં કૃતિ અંગેનાં, તેના સ્થળકાળ, વાતાવરણ, પાત્રો, સંવાદો, ઘટનાકલા, શૈલી, કૃતિમાં ાપ્ય મૂલ્યબોધ વગેરે અંગેનો
કરવા લાગે છે; ત્યાંથી વિવેચનની શરૂઆત થાય છે. પરંતુ અહીં પ્રશ્ન એ થાય કે શું એને શુધ્ધ વિવેચનપ્રક્રિયા કહી શકાય? કેમ કે ભાવક તો કૃતિને માણે છે, એના વિશે જાણે છે અને એના આધારે એનું મૂલ્યાંકન કરવા પ્રે વિવેચનપ્રક્રિયા માનવચિત્તમાં, એના સંવેદનતંત્રમાં, એના જ્ઞાનતંત્રમાં એક ચોક્કસ ખ્યાલ પણ છો
આ ખ્યાલનુ સ્વરૂપ પકડવું અઘરું છે કારણ કે માણસના ચિત્તમાં આ અગાઉ કેટલીયે જાણકારી, પૂર્વગ્રહો, વિચારસરણી, અનુભવો વગેરે ધરબાઇને પડેલાં જ હોય છે. જે એના મૂલ્યાંકનને થોડા-ઘણા અંશે તો પ્રભાવિત કરે જ છે. વળી, આ તો ચિત્તતંત્રમાં થતી સૂક્ષ્મ પ્રક્રિયા છે. વિજ્ઞાનની કોઇ પ્રયોગશાળા નથી કે બે રસાયણોના સંયોજનનું સ્પષ્ટ પરિણામ નજર સમક્ષ મેળવી શકાય.

આપણા પ્રાચીન સાહિત્યિક વારસાનો ‘વિવેચન’ ના સંદર્ભમાં વિચાર કરીએ તો સૂ ાનો પોતાના પૂ
વિદ્વાનોની કૃતિઓનાં મૂલ્યાંકનસ્વરૂપ ટીકા કે ભાષ્ય લખતો ાત્ય સાહિત્યવિશ્વમાં પણ પ્લેટો, એરિસ્ટોટલ જેવા પ્રાચીન ચિંતકોએ સાહિત્ય વિચાર વિષયક વ્યાપક ચિંત્તન કરેલું. વિવેચનની વિભાવના અંગે એમ પણ કહેવાય છે કે સાહિત્યકૃતિઓ

અંગેની તર્કપૂર્વક કરેલી વિચારણા એટલે વિવેચન. એના બે શબ્દો અગત્યના છે, એક તો 'સાહિત્યકૃતિ' અને બીજો 'તર્ક પૂર્વક'. 'તર્કપૂર્વક' શબ્દ તો સહજતાથી સ્વીકારી શકાય પરંતુ 'સાહિત્યકૃતિ' શબ્દ અંગે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'સાહિત્યકૃતિ' કોને કહી શકાય? એના માપદંડો શા છે? સાહિત્યનું સ્વરૂપ શું છે? એનું મુળભૂત જીવિત શા માં રહેલું છે? માનવજીવનની સારી-નરસી ઘટનાઓનુ પ્રતિબિંબ ઝીલતી, જીવનમૂલ્યો, સાંસ્કૃતિક ચેતના, નૈતિકતા વગેરે ખ્યાલોને આવરી લેતી કૃતિ એટલે સાહિત્યકૃતિ? કે પછી જીવનમૂલ્યોથી તદ્દન વેગળી હોય પણ કલાના ધોરણે આનંદ આપતી હોય એવી કૃતિ એટલે સાહિત્યકૃતિ? આ સાથે જ અહીં નીતિ, કળા, જીવન, જીવનમૂલ્યો, નૈતિકતા, સાંસ્કૃતિક ચેતના, આનંદ જેવા ખ્યાલો ઉપસ્થિત થાય છે. વળી, જીવનમૂલ્યો અને સાહિત્યરૂચિ પણ સમાયાંતરે બદલાતા રહે છે. જેની અસરો સ્વાભાવિક પણે સાહિત્યસર્જન અને વિવેચન ઉપર પડે છે. 'સાહિત્ય' અને 'વિવેચન' અંગેની પ્રાથમિક ચર્ચા બાદ આગળ 'વિવેચન' ની 'સંજ્ઞા' અંગે ચર્ચા કરવાનો અત્રે ઉપક્રમ રખ્યો છે.

## **૧.૨ સંજ્ઞા**

વિવેચન' સંજ્ઞા વિશે જુદા-જુદા વિદ્વાનોએ પુષ્કળ ચિંતન કર્યુ છે. તેમજ વ્યાખ્યા આપવાના પ્રયાસો કર્યા છે. પ્રમોદકુમાર પટેલ જણાવે છે કે,

> ***"અર્વાચીન ગુજરાતીમાં પ્રચારમાં આવેલી 'વિવેચન' સંજ્ઞા મૂળ સંસ્કૃત શબ્દ છે. ને લ્યુટ નામ સાધક પ્રત્યાય લગાડીને એ શબ્દ સિદ્ધ થયો છે. આનો યૌગિક અર્થ છે. 'વિવેક'."*** [૦૧]

> ***"'વિવેક' નો અર્થ થાય છે કે સારા-નરસાની પરખ હોવી તે. આ પરથી સાહિત્યકૃતિમાં શું સારું અને શું નરસું? એ પારખવાની કલાને વિવેચન કહી શકાય. પરંતુ કોઈ પણ કૃતિ અંગે એવું અંતિમ વિધાન કરવું કપરું છે કે તેમાં સારા-નરસા***

*તત્ત્વનું પ્રમાણ કેટલાં અંશે અને કેવી રીતે સમાવિષ્ટ છે. આ અત્યંત જટિલ અને પેચીદો પ્રશ્ન છે; કારણ કે એવું શકય છે કે કૃતિનું જીવનદર્શન અને ઉદ્દેશ્ય ઉત્તમ હોય પણ તેનું રચનાતંત્ર નબળુ હોય અથવા આથી ઊલટું કે કૃતિ રચનાતંત્ર અને કલાની દષ્ટિએ ઉણી ઉતરતી હોય એવું બનવાની સંભાવના છે. તો અહીં 'વિવેચન' નામના લેખમાં સ્પષ્ટતા કરે છે કે, "અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં વ્યાપકપણે પ્રયોજાતી રહેલી 'વિવેચન' સંજ્ઞા અંગ્રે[redacted] પૂર્વવર્તી સંજ્ઞાઓ પૈકી એક અને સમાંતરે અન્ય માનવવિદ્યાઓમાંય મહત્ત્વની બની રહેલી, 'Criticism' સંજ્ઞાની પર્યાયરૂપ છે. અંગ્રે[redacted] શિથિલપણે વપરાતી રહી છે."[૨]*

આના આધારે એટલું તો ચોક્કસ તારવી શકાય કે 'વિવેચન' એ અંગ્રેજી સાહિત્યની 'Criticism' સંજ્ઞાના પર્યાયરૂપ છે. વળી, જેવી રીતે 'Criticism' સંજ્ઞાનો અન્ય માનવવિદ્યાઓમાંય વ્યાપક ઉપયોગ થાય છે. અને એવી જ રીતે 'વિવેચન' સંજ્ઞાનો પણ ગુજરાતી સાહિત્યમાં શિથિલપણે વપરાશ થાય છે. અર્થાત અનેક અર્થમા પ્રયોજાય છે. આ કારણસર વિવેચનના કાર્યક્ષેત્ર અંગે અનેક પ્રશ્નો સાહિત્યજગતમાં પ્રવર્તમાન છે. કેટલાક વિદ્વાનોએ વિવેચનના કાર્યક્ષેત્રને ધ્યાનમાં રાખીને પણ એની સંજ્ઞા આપવાના પ્રયાસ કાર્યા છે. એક બાબત તો સર્વસ્વીકૃત છે કે કૃતિના મર્મ સુધી પહોંચીને ભાવકને કૃતિનાં તાત્ત્વિક કલાપદાર્થની અનુભૂતિ કરાવનારી અર્થઘટનની વર્ણનાત્મક કે મૂલ્યાંકાનાત્મક પ્રક્રિયાને વિવેચન કહી શકાય. પરંતુ કૃતિનુ વર્ણન, અર્થઘટન કે મૂલ્યાં[redacted] કાર્યક્ષેત્ર સીમિત નથી રહેતું. પરતું એ પ્રક્રિયાના મૂળમાં રહેલા સિદ્ધાંતો અને શાસ્ત્રીય વિચારણાની વિવેચન પોતાના કાર્યક્ષેત્રમાં આવરી લે છે એટલે વિવેચન શાસ્ત્ર છે કે કલા?

એ અંગે પણ મતમતાંત્તરો પ્રર્વતે છે. આ અંગે કળામીમાંસક મોરિસ વાયઝ જણાવે છે કે,

***"Criticism is a from of studied discourse about works of art. It is a use of language primarily designed to taciliate and enrich the understanding of art [વિવેચન એ કળાકૃતિઓ વિશેના અધ્યાયનપૂર્ણ ડિસ્કોર્સનું જ એક રૂપ છે. કળા વિશેની સમજણ સરળ અને સમૃદ્ધ બને એવા મૂળભૂત ઉદ્દેશથી થતો એ ભાષાનો ઉપયોગ છે."[૦૩]***

અર્થાત્ વિવેચન એ કળા અંગેની સમજણ વિકસે અને સરળ બને એ ઉદ્દેશથી થતાં કળાકૃતિઓનાં અધ્યયન થકી કરવામાં આવતાં વિવરણનું અહીં કળા અંગેની સમજને વિકસિત કરવાનું શાસ્ત્ર એટલે વિવેચન એવો અર્થ પણ અભિપ્રે જાણીતા કળામીમાંસક મોમરો બિયર્ડ્ઝલી 'વિવેચન' ની વ્યાખ્યા આ રીતે આપે છે

***"Statement about literary works are called literary criticism"[૦૪]***

એટલે કે, સાહિત્યકૃતિઓને વિષય કરીને થતાં વિધાનો 'સાહિત્યિક વિવેચન' કહેવાય છે. પરંતું ર્ણ ન્યાયકર્તા નથી કેમ કે, સાહિત્યકૃતિને વિષય બનાવીને થતાં બધા વિધાનો પાછળ સૈદ્ધાંતિક, તાત્વિક કે તર્કબદ્ધ વિચારણા હોય એવુ શકય નથી.

વિવેચન કર્તા, કૃતિ કે સિદ્ધાંતના કેટલાંક મહત્ત્વના પ્રશ્નોને સ્પર્શ છે. વિવેચન એ માત્ર કૃતિમાં રહેલી ભૂલો શોધવા પૂરતું જ સીમિત નથી પણ કૃતિના તમામ પાસાનું વસ્તુલક્ષી વિશ્લેષણ કરીને પણ કૃતિની સમગ્રતાને અખંડ રાખી શકતું હોવું તેમજ સૈદ્ધાંતિક આધારો સાથે મૂલ્યાંકન માટે સજ્જ હોવું જોઈએ. એરિસ્ટોટલનાં મતે

વિવેચન સામાન્ય વાચકને પણ કૃતિમાંથી શ્રેષ્ઠતા શોધી આપે એવું હોવુંજો . આમ, ઉપરોકત ચર્ચા પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે, કલાના વિભિન્ન તત્ત્વોને બુદ્ધિના ધોરણે તપાસી તેના વિશે વિચાર વિમર્શ કરવાની પ્રક્રિયા વિવેચન છે.

વિવેચનનું કાર્ય સમજાવતા વિશ્વનાથ ભટ્ટે કહ્યું છે કે,

> ***"વસ્તુને એના ખરા સ્વરૂપમાં જોવી, એનાં સૌંદર્યનું થત દર્શન કરવું અને જેવા સ્વરૂપમાં દર્શન કર્યું હોય તેવા જ સ્વરૂપમાં તેનું બરાબર નિરૂપણ કરવું એ વિવેચનનું કાર્ય છે.*** [૦૫]

અર્થાત્ વસ્તુનું એના શુદ્ધ સ્વરૂપમાં દર્શન અને એ જ સ્વરૂપમાં નિરૂપણ કરવાની પ્રવૃતિને વિવેચન કહી શકાય.

જયંત પાઠક વિવેચનને સર્જન કરતાં વધારે જવાબદારીવાળું અને સભાનતાવાળું માને છે. અંગત રાગદ્વેષ, ચબરાકીપણું સહાનુભૂતિની ભાવના વગેરેને તેઓ વિવેચનના વિરોધી પરિબળો ગણે છે. એમના મતે,

> ***"વિવેચન માત્ર અંગત મત, મંતવ્ય કે ાય જ ન હોય, એ એના લેખકની સ્વૈરલીલા ન હોય, કૃતિમાં રહેલા કોઈ વ્યાપક સત્ય અંશને આલોકિત કરનારા તત્ત્વદીપ હોય........વિવેચન કરવું એ કોઈએ કહેલું કહેવાનો ઉપક્રમ કે પ્રસંગ નથી, કલાકૃતિના રહસ્યોદ્ઘાટનનો અપૂર્વ અવસર છે. કલાકૃતિને માત્ર મુલવણીથી જ નહી પણ મૂલવણીમાં, કલાવણીમાં જ માણવાનો પવિત્ર અધિકાર છે."*** [૦૬]

આ વિધાનના આધારે વિવેચન અંગેની ઉચ્ચ સમજ પ્રાપ્ત થાય છે. વિવેચન એ અંગત મત, મંતવ્ય કે અભિપ્રાય કેલ ખકની સ્વૈરલીલાથી પર એવી કૃતિમાં એકરૂપ બની ગયેલા વ્યાપક સત્યના અંશને ઉજાગર કરવાની પ્રક્રિયા છે. જયંત પાઠકે

દીપ નહિ પણ તત્ત્વદીપ જેવો શ્રેષ્ઠ શબ્દ પ્રયોજયો છે. તેમજ વિવેચનને રહસ્યોદ્‌ઘાટનાનો અપૂર્વ અવસર કહીને એની મહતા દર્શાવી આપી છે. તેઓ કલાકૃતિની માત્ર મૂલવણીથી જ સંતુષ્ટ બનવાને બદલે મૂલવણીને પણ માણવાનો આગ્રહ રાખીને વિવેચનની રસપ્રદતા પરત્વે નિર્દેશ કરે છે.

સુમન શાહે વિવેચનને સર્જનાત્મક નહીં પણ શાસ્ત્ર તરીકે જણાવ્યું છે. કારણ કે અન્ય શાસ્ત્રોની જેમ જ્ઞાન-વિજ્ઞાનની અપૂર્વતા રહેલી છે. વિવેચન એમના મતે 'સર્જનનિરપેક્ષ' બનવા લાગ્યું છે. વિવેચનને સર્જનની જેમ વિશાળ વાચક સમુદાય પ્રાપ્ત થતો હોવાથી તેનો ચેતોવિસ્તાર વ્યાપક બન્યો છે. તેથી સાહિત્ય અધ્યયનની વૈજ્ઞાનિક પદ્ધતિઓ જોતા વિવેચન એક શાસ્ત્ર છે કહે છે તેમ,

> ***"વિવેચન હવે સર્જનાત્મક પરિસ્થિતિને જન્માવવાની જવાબદારીમાંથી મુક્ત થાય છે. તે હવે અધ્યયન-પદ્ધતિ કે શાસ્ત્ર બનવાની દિશામાં નવી જ સભાનતા કું કાસશીલતા પોતાને જ્ઞાન-વિજ્ઞાનના નકશામાં બીજા શાસ્ત્રોની જેમ પ્રતિષ્ઠિત કરવાની લગભગ અપૂર્વ એવી તત્પરતા જ છે."***[૦૭]

અર્થાત્ વિવેચન એ આગવું શાસ્ત્ર કે દ્ધતિ છે. એમના મતે એ અન્ય શાસ્ત્રો ક કે ક શાસ્ત્ર છે, એની આગવી કસબ કે ટેક્નિક છે. અને સર્જનની જેમ વિવેચનને માણનારો વિશાળ વાચક સમુદાય હોવાથી વ્યાપકપણે ધ્યાન કે ત કરનારું અલગ શાસ્ત્ર છે.

'વિવેચન' ની સંજ્ઞા ઉપરાંત તેના સર્જન અંગેનાં સંબંધ અને કલા તેમજ શાસ્ત્રીયતા સાથેના સંબંધ અંગે પણ વાદવિવાદ થયા છે. 'વિવેચન કલા છે કે ?' એના અનુસંધાને સાહિત્યવિશ્વમાં ઘણી ચર્ચા-વિચારણા થયેલી છે. વિજયરાય વૈદ્ય વિવેચનને શાસ્ત્ર તરીકે હીણ કલાનો દરજ્જો આપે છે અને કહે છે.

***"વિવેચન શાસ્ત્રસખી કરતાંય અધિકઅંશે કલાસખી છે."*** [૦૮]

પરતું આપણે આગળ જોયું કે ાત્ય સાહિત્ય વિવેચનથી પ્રભાવિત વિવેચકોનો એક વર્ગ વિવેચનને શુદ્ધ શાસ્ત્ર કે હિમાયત કરે છે.

વિજ્ઞાન કે દ્વિક જગતને ધ્યાનમાં રાખેછ`. જયારે કલામાં તો માનવીનું ભવિષ્ય કેન્દ્રસ્થાને રહેતું વભાવનાના પરિપ્રક્ષ્યમાં કલાનું ઉચિત મૂલ્યાંકન શકય છે? એવો પ્રશ્ન પણ અહીં ઉપસ્થિત થાય. આટલાં મુદ્દાઓને આધારે એટલું તો સ્પષ્ટ થાય છે કે ાં નિશ્ચિત કરવી કે તેને સંપૂર્ણ પણે કલા કે ળખામાં ગોઠવવી શક્ય નથી પરંતુ આ વિવાદનો સામાન્ય ઉકે વી રીતે કાઢી શકાય કે `મ સાહિત્યસર્જનનાં સામાન્ય સિદ્ધાંતોનું જ્ઞાન આપે છે. તેના ગુણ-દોષ દર્શાવી, કૃતિનું વિશ્લેષણ કરી, કૃતિના વિવિધ પાસાઓની વિવિધ અભિગમથી ચકાસણી કરે છે. પરંતુ સાહિત્યસર્જનનું અંતઃતત્ત્વ કલા હોવાથી વિવેચનને સંપૂર્ણપણે વિજ્ઞાનનો દરજજો ન આપી શકાય હા, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને સિદ્ધાંતોનો વિનિયોગ ભલે થયો હોય. આમ શાસ્ત્ર કે કલાની બાબતમાં વિવેચન બંને સાથે સંકળાયેલી ઉભય જીવી પ્રવૃતિ છે.

સતત વિકાસશીલ વિદ્યાશાખા તરીકે ની પ્રવૃતિનો સ્વીકાર કરીને એટલું માનવુંર હ્યું કે ાહિત્યસિદ્ધાંતો તેમજ કૃતિના અર્થઘટનને આવરી લેતી, ચોક્કસ ઉદ્દેશો અને ધારાધારણો ધરાવતી પ્રવૃતિ છે. તેથી જ તો અલગ વિદ્યાશાખા તરીકે ્શ્નો અને પદ્ધતિઓનો વિચાર કરવાનું અનિવાર્ય બની ગયું છે.

'વિવેચન' સંજ્ઞા અંગે પ્રાથમિક ચર્ચા કર્યા બાદ એના સમ્પ્રત્યય વિશે ચર્ચા કરવાના ઉપક્રમ છે.

## ૧.૩ ગુજરાતી વિવેચનના સમ્પ્રત્યયો :

નર્મદ નવલરામથી શરૂ થયેલું ગુજરાતી વિવેચન આજપર્યંત ચાલું રહયું છે. લગભગ દોઢ સદીના પટ પર આપણને અનેક સમર્થ સમીક્ષકો, વિવેચકો સાંપડયા છે. સુધારકયુગથી માંડીને આજ સુધી વિવેચનના સમ્પ્રત્યયોમાં પરિવર્તન થતુ રહ્યુંછ . વિવેચકો અને અભ્યાસીઓએ પોતાની વિચારણામાં ભિન્ન-ભિન્ન સમ્પ્રત્યયો પ્રયોજયા છે. જો કે, ઘણીવાર એ એકબીજાની ઘણી નિકટના અર્થમાં પણ પ્રયોજાયેલાં હોય છે.

ભાષાશૈલીમાં પણ દરેક યુગમાં થયેલુ પરિવર્તન જોઇ શકાય છે. આપણુ અર્વાચીન સાહિત્ય વિવેચન સંસ્કૃત અલંકારશાસ્ત્ર અને પાશ્ચાત્ય વિવેચન બંનેના પ્રભાવતળે વિકાસ પામ્યું છે. એ ખરું પરંતુ સાથે-સાથે એણે પોતાની આગવી તરેહ પણ પ્રગટાવી છે. અને એમાં બંને પરંપરાનો સમન્વય સધાયો છે. જેની અસર હેઠળ વિવેચનના સમ્પ્રત્યયો પ્રાપ્ત થયા છે. જેની ચર્ચા કરવાનો અત્રે ઉપક્રમ છે. આ ચર્ચા સુધારક યુગ, પંડિત યુગ, ગાંધીયુગ તેમજ સ્વતંત્ર્યોતર યુગ એમ ચાર વિભાગમાં કરવા ધાર્યું છે જેથી સમ્પ્રત્યયો અંગેની સમજ સરળ બને અને થયેલા ફેરફારો તેમજ પરિવર્તન પણ સ્પષ્ટ થાય.

### ૧.૩.૧ સુધારક યુગીન વિવેચનના સમ્પ્રત્યયોઃ

સુધારક યુગીન વિવેચનમાં મુખ્યત્વે સંસ્કૃત સાહિત્યની સાથે અંગ્રેજી કાવ્ય ચર્ચાના બીજ પડેલાં છે. ગુજરાતી ભાષામાં પૂર્વસૂરિઓ દ્વારા રચિત સંદર્ભસાહિત્ય તરીકે ઉપયોગમાં લઈ શકાય એવું કોઈ ચોક્કસ સૈદ્ધાંતિક વિવેચનકાર્ય થયું નહોતું. આ અંગે પ્રા. હિમ્મત ભાલોડિયા જણાવે છે કે,

***"નર્મદે યોજેલા 'તર્કબુદ્ધિ' કે કબુદ્ધિ' જેવા સમ્પ્રત્યયો ।***

***'Imuginution' અને 'Reason'ના ખ્યાલને પુરસ્કારે છે. તો બીજી બાજુ 'જોસ્સો અને 'તર્ક' ના ખ્યાલમાંથી અવતર્યા જણાય છે."***[૦૯]

આ ઉપરાંત નર્મદે જોસ્સો ,રસ, તર્ક, અલંકાર, છંદ, શૈલી, પ્રતિભા, સંગીત જેવા સમ્પ્રત્યયો કર્યું છે. તો આ જ ગાળાના વિદ્વાન નવલરામે પણ વિવેચનના સમ્પ્રત્યયો અંગે વિચારણા કરી છે. તેઓ અ કવિતાને 'કુ રીકે ખાવી તેમાંથી પ્રગટતા રસને કુ ું કરણ માને છે. અહીં તેમની વિચારધારા પર એરિસ્ટોટલનાં 'અનુકરણ' નાં સિદ્ધાંતનો પ્રભાવ પડેલો જોઈ શકાય છે. સુધારક યુગીન ગાળામાં નવલરરામે સૈદ્ધાંતિક ચર્ચાઓ કરતાં ગ્રે કનો વિશેષ કર્યા છે. એમાથી આપણને તેમણે પ્રયોજેલા વિવેચન સમ્પ્રત્યયો રસ, જુસ્સો, સંગીન, શૈલી, સ્વાનુભવી, સર્વાનુભવી વગેરે પ્રાપ્ત થાય છે.

### ૧.૩.૨ પંડિતયુગીન વિવેચનના સમ્પ્રત્યયોઃ

તાત્વિક અને શાસ્ત્રીય વિવેચનની શરૂઆત પંડિતયુગના વિદ્વાનો દ્વારા થઈ. ગો.મા. ત્રિપાઠી ,મણિલાલ દ્વિવેદી, રમણભાઈ નીલકં દીવેટિયા, આનંદશંકર ધ્રુ રાય ઠાકોર, ન્હાનાલાલ વગેરે વિદ્વાનોએ સાહિત્ય અને વિવેચનના કે ક વણસ્પર્શ્યા સમ્પ્રત્યયો કે ્યત્ન કર્યો છે. ગો.મા. ત્રિપાઠીએ 'સાક્ષર' માટે 'કાન્તદ્રષ્ટ' તેમજ વિવેચક માટે 'લક્ષણદષ્ટા' સમ્પ્રત્યયો પ્રયોજયાં છે. રમણભાઈ નીલકં ્તિભા, કલ્પના, અનુકરણ, છંદ, વૃતિમય ભાવાભાસ વગેરે સમ્પ્રત્યયની ચર્ચા કરી છે. ગુજરાતી સાહિત્યમાં નવલરામ પછી પહેલી જ વાર રમણભાઈએ હાસ્યરસ વિશે સ્વતંત્ર વિચારણા રજૂ કરી છે. નવલરામે ઉપયોગમાં લીધેલા 'સર્વાનુભવરસિક' કે 'સ્વાનુભવરસિક' સમ્પ્રત્યયની ચર્ચા કરી છે. નરસિંહરાવ દીવેટિયાએ 'મનોમુકુર' ના ચાર ભાગમાં કે ક

નોંધપાત્ર વિવેચન વિષયક લેખોમાં સમ્પ્રત્યયો અંગે ચર્ચા કરી છે. એમણે 'કવિતા, સૌંદર્ય, કલા, સંગીત, સંગીતકાવ્ય, છંદ, અલંકાર, આત્મલક્ષી-પરલક્ષી, પ્રેરણા, પ્રતિભા, સત્ય, ભાવારોપણ વગેરે સમ્પ્રત્યયો અંગે વિસ્તૃત ચર્ચા કરી છે.

આમ, પંડિતયુગની વિવેચનવિષયક વિચારણા ગોવર્ધનરામના 'સાક્ષર'ના ખ્યાલથી આગળ વધી રમણભાઈના 'ચિત્તક્ષોભ' કે[illegible] :કરણ', નરસિંહરાવની ઊર્મિપ્રધાનતા, બળવં[illegible] ્રધાનતા તેમજ મણિલાલ અને આનંદશંકર ધ્રુવની તત્ત્વવિચારણા કે[illegible] નિકતામાં વિકાસ પામે છે.

## ૧.૩.૩ ગાંધીયુગીન વિવેચનના કે[illegible] ક સમ્પ્રત્યયો :

ગાંધીયુગમાં સાહિત્યનો વ્યાપ વધ્યો હતો. પરંતુ ગાંધીયુગ વિશેષ લોકોભિમુખ કે[illegible] ખ હોવાથી તેમાં સાહિત્ય અને જીવન, સાહિત્ય અને નીતિ, જીવન ખાતર કલા વગેરે વિષયો ઉપર વ્યાપક વિચારણા થઈ તેમજ પ્રત્યક્ષ કૃતિ વિવેચન તરફ ઝોક વધ્યો. એમ છતાં રામપ્રસાદ બક્ષી, રસિકલાલ પરીખ, ડોલરરાય માંકડ, ઉશનસ્, જયંત પાઠક, અનંતરાય રાવળ, મનુખલાલ ઝવેરી, નગીનદાસ પારેખ વગેરે એ જીવન ભિમુખ વિવેચન સાથો સાથ સૌંદર્યાભિમુખ વિશે પણ ચિંતન કર્યુ.

રા. વિ. પાઠક 'રહસ્ય' સમ્પ્રત્યયને પુરસ્કારે છે. તેમજ 'રહસ્ય' માટે 'લાગણીપિંડ' કે[illegible] સમ્પ્રત્યયો પ્રયોજે છે. ઉમાશંકર જોષી કલાપદાર્થ કરતાં સર્જક પ્રતિભા પર ભાર મૂકે[illegible] ્રત્યાયન' માટે 'સંવેદન' જેવો સમ્પ્રત્યય પ્રયોજે છે. તેઓ સાહિત્યમાં 'Thinkig' અને 'Thinging' અંગે ચિંતન કરીને 'અર્થસંદર્ભ' અને 'માનવસંદર્ભ'ની અનિવાર્યતા જણાવે છે. ક.મા.મુનશી પંડિતયુગ અને ગાંધીયુગના સંધિકાળના વિવેચક છે. તેમણે વિવેચનક્ષેત્રે સરસતા, ચલ અને અચલ, પ્રણાલિકા, કલાસિકલ અને રોમેન્ટિક, કલા ખાતર કલા, વ્યાકિતત્ત્વવાદ, ગાંધીવાદ વગેરે સમ્પ્રત્યયો

વિશે વિસ્તૃત વિચારણા પ્રચારણા પ્રસ્તુત કરી છે. સુંદરમ્ ગાંધીયુગીન વિવેચનમાં અલ્પ છતાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. તેમણે પ્રતિભા, છંદ, કલ્પના, અનુકરણ આહી સમ્પ્રત્યયો ઉપર સંક્ષિપ્ત છતાં માર્મિક વિવેચન વિષયક વિચારણા રજુ કરી છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈધ, અને વિશ્વનાથ ભટ્ટ જેવા વિવેચકોનો સમય સંક્રાન્તિકાળનો છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કવિતા, સાહિત્ય, કળા, આત્મલક્ષી-પરલક્ષી, કૈ કરાગ-સૌષ્ઠવરાગ, સૌંદર્ય, રમણીયતા, રસ, ધ્વનિ, સાધારણીકરણ, ઔચિત્ય વગેરે સમ્પ્રત્યયો અંગે વિચારણા કરી છે. તો વિજયરાય વૈદ્યે ્તિભા, કલ્પના, કલા, સૌંદર્ય , જીવનનો ઉલ્લાસ, સર્જક, 'વિવેચક અને વિવેચન' વગેરે સમ્પ્રત્યયોની ચર્ચા વિચારણા કરી છે. તો વિશ્વનાથ ભટ્ટે પણ સાહિત્ય, કલા, વિવેચન, શૈલી, સાહિત્ય અને જીવન, પ્રયોજન, અસંભવદોષ, અસત્ય ભાવારોપણ, છંદ વગેરે સમ્પ્રત્યયો વિષયક ચર્ચા કરી છે. ગાંધીયુગીન વિવેચકો સુ ક યુગનો તેમજ પંડિતયુગનો વિવેચનસંદર્ભ હતો; તેમજ સાહિત્ય પોષક આબોહવાનું પણ નિર્માણ થઈ ચૂક્યું હતું ક જ સમ્પ્રત્યય પર જુદા-જુદા વિવેચકોએ પોતાની આગવી રીતે ચિંતન કર્યું છે. જે આ યુગના વિવેચન વિષયક વિચારની વિશિષ્ટતા છે.

### ૧.૩.૪ સ્વાતંત્ર્યોત્તરયુગીન વિવેચનના સમ્પ્રત્યયો :

ઈ.સ. ૧૯૫૫ પછી આપણા ગુજરાતી સર્જન અને વિવેચનક્ષેત્રે મૂળગામી પરિવર્તનો આવ્યા. સ્વાતં ત્તરયુગની વિવેચના અમુક અંશે અનુસંધાન ધરાવે છે. તો અમુક વિવેચના તેની સામે પડકાર ફેકીને અલગ જ ચીલો છે. કારણ કે ાધુનિક યુગના સાહિત્યવિચારકો આધુનિક પાશ્ચાત્ય સાહિત્યના અને કલામીમાંસાના વિશેષ પ્રભાવમાં આવ્યા. પશ્ચિમમાંથી આવેલ અનેક વાદો પ્રતીકવાદ, કલ્પનાવાદ, દાદાવાદ, અતિવાસ્તવવાદ, એબ્સર્ડવાદ, માર્કસવાદને કારણે આપણા સર્જન અને

વિવેચનક્ષેત્રે તેના વિચારવલણોનો વિનિયોગ થવા લાગ્યો જેથી વિવેચનના જુના સમ્પ્રત્યયો પણ અસ્તિત્વમાં આવ્યા. સ્વાતંત્ર્યાંતરયુગના કુ ક યુગના વિવેચકોમાં સુરેશ જોશી, પ્રમોદકું દ્રકાન્ત ટોપીવાળા, શિરીષ પંચાલ, હરિવલ્લભ ભાયાણી વગેરે ગણાવી શકાય. આ વિવેચકોએ આધુનિકતા, આકાર, સંવિધાન, પ્રતીક, કલ્પન, શૈલી, પ્રતિભા, ભાષા, છંદ, અનુકરણ જેવા અનેક સમ્પ્રત્યયોની આધુનિક વિચારધારા અનુસાર વિચારણા કરી છે.

સ્વાતંત્ર્યોતરયુગીન સુરેશ જોશીએ સ્વતંત્ર રીતે કોઈ સમ્પ્રત્યય વિશે ચર્ચા કરી નથી પરંતુ તેમના સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ વિવેચનમાં તેઓ કોઈ ચર્ચા ને અનુલક્ષીને આ અંગે ચર્ચા જરૂર છેડે છે. જેમાં મુખ્યત્વે આકાર, આકૃતિ, રૂપ, ઘટનાતત્ત્વનો હ્રાસ, તિરોધાન કે ેક્નિક, સર્જકતા, ભાષા, છંદ, અલંકાર, પ્રત્તીક, કલ્પન, પુરાકલ્પન, એબ્સર્ડ, કપોલકલ્પિત, અનુકરણ, પ્રતિભા, પ્રે કલ્પના, કલા અને કલાનું સત્ય, આધુનિકતા, સર્જન, વિવેચન, વગેરે સમ્પ્રત્યયો ગણાવી શકાય તો વળી, પ્રમોદકુ પણ પોતાની વિવેચનવિષયક વિચારણામાં કવિતા, કળા, આકૃતિ, આધુનિકતા, સર્જકતા, શૈલી, રસ વગેરે સમ્પ્રત્યયોની આગવી રીતે ચર્ચા કરી છે. આ માટે તેઓ પાશ્ચાત્યની સાથે-સાથે સંસ્કૃત સાહિત્ય મીમાંસના આધારો છે. તો વળી, ગુજરાતી વિવેચનક્ષેત્રને આગવી વૈજ્ઞાનિક તેમજ તાર્કિક ઢબથી ધબકતું ખનાર સંનિષ્ઠ વિવેચક સુમન શાહે પણ આધુનિકતા, રૂપ, સંવિધાન, ટેક્નિક, પ્રતીક, કલ્પન, ભાષા, અસ્તિત્વવાદ, એબ્સર્ડ, પ્રત્તીકવાદ, શુદ્ધ કવિતા, કલ્પનવાદ, ભવિષ્યવાદ, દાદાવાદ, અસ્તિત્વવાદ વગેરે સમ્પ્રત્યયો વિશે વિશદ્ ચર્ચા કરી છે.

ગુજરાતી સાહિત્યના વિવેચન વિષયક સમ્પ્રત્યયો વિશે તાત્ત્વિક અને ઊંડી વિચારણા છેક સુધારક યુગથી ચાલતી આવી છે. એક જ સમ્પ્રત્યય અંગે ભિન્ન-ભિન્ન

વિચારકોએ એકબીજાથી ભિન્ન મતો દર્શાવ્યા છે. તો કયારેક એકબીજા સાથે અનુસંધાન પણ કે[illegible] વશે વિસ્તૃત ચર્ચા ન કરતાં અહીં માત્ર સમ્પ્રત્યય અંગેની પ્રાથમિક માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. જેથી વિવેચન પ્રક્રિયાને સમજવામાં વિશેષ સરળતા રહે. વિવેચનના સમ્પ્રત્યયો અંગે ચર્ચા કર્યા બાદ હવે વિવેચનના પ્રકારો તેમજ અભિગમો અને પદ્ધતિઓ વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

### ૧.૪ વિવેચનના પ્રકારો :

વિવેચનનું કાર્ય વ્યાપક હોવાથી તેમાં વ્યવસ્થા અને ચોકકસાઈ આપવા માટે સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિલક્ષી વિવેચન એવા બે અલગ પ્રકાર પાડવામાં આવ્યા છે. જે અંગેની ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

### ૧.૪.૧ સૈદ્ધાંતિક વિવેચન :

ચોકક્સ સિદ્ધાંતોના આધારે કૃતિ વિવેચન થાય છે કે કૃતિઓના વિવેચનમાંથી સિદ્ધાં[illegible] એ પ્રશ્ન વિદ્વાનોમાં તો હંમેશા ચર્ચામાં આવ્યો છે. સાહિત્યનું સારભૂત તત્ત્વ કયું? સાહિત્યનું મૂળભૂત પ્રયોજન શું? સાહિત્યનો વ્યવહાર જગતમાં ઉપયોગ કે[illegible] વિચારણા સિદ્ધાંતલક્ષી વિવેચનના કાર્યક્ષેત્રમાં આવે છે. આ ઉપરાંત નીતિવિષયક અને કલાવિષયક મત્તભેદો વિવાદસ્પદ રહયાં છે. સાહિત્ય વિચારની પ્રાચીન પરંપરામાં સંસ્કૃતના વિદ્વાનોએ રસ, અલંકાર, ધ્વનિ, વક્રોકિત, ઔચિત્ય જેવા પાયાંના સિદ્ધાંતો રજૂ કર્યાં છે. જેમાં ભરતની રસ વિચારણા, ભટ્ટ લોલ્લટનો ઉપચિતિવાદ, શ્રી શંકુકનો અનુમિતિવાદ, ભટ્ટ નાયકનો ભુકિતવાદ, અભિનવગુપ્તનો અભિવ્યકિતવાદ વગેરે. જેમાં પાયાના સાહિત્ય સિદ્ધાંતો અને સાહિત્યના મૂળભૂત તત્ત્વની તેમજ તેના હાર્દની સમજ મેળવવાનાં પ્રયાસો થયા છે. એમણે ભાષા, વ્યાકરણ, માનવવિધાઓ, તર્કશાસ્ત્ર જેવા શાસ્ત્રો નો પણ આ પરિપ્રે[illegible] વશાળ ઉપયોગ કર્યો છે.

પાશ્ચાત્યસાહિત્ય વિચારધારામાં પણ સાહિત્યક કલા સિદ્ધાંત અંગે વ્યાપક વિચારણા થઈ છે. જેમાં પ્લેટોનો અનુકરણ સિદ્ધાંત, એરિસ્ટોટલનું ટ્રેજેડી વિષયક ચિંતન, લોન્જાઈનસનો ઉદાતતત્ત્વવિષયક ખ્યાલ, કોલરિજનો કલ્પના વિચાર, ક્રોચેનો અભિવ્યકિતવાદ, એલિયટનો કલાની નિર્વૈયકિતતાનો સિદ્ધાંત વગેરે ગણાવી શકાય.

### ૧.૪.૨ કૃતિવિવેચન :

કૃતિ વિવેચનની પ્રવૃતિ જટિલ અને એકથી વધુ ઉદ્દેશવાળી રહી છે. સાહિત્ય વિવેચનના ક્ષેત્રમા નવી-નવી વિચારધારાઓ પ્રકાશમાં આવતી રહી છે. જેના આધારે કૃતિની સંનિષ્ઠ ન્યાયિક તપાસ વધારે ગુંચવણભરી બને છે. કેમ કે એક અભિગમથી શ્રેષ્ઠ લાગતી કૃતિને બીજા અભિગમથી મૂલવનારો વર્ગ સાધારણ ગણે એવી સંભાવના રહે છે. દાખલા તરીકે[illegible] ’ માં પુર્નજાગૃતિ કળાના ભારતમા ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય પ્રશ્નોનું વ્યાપક ચિંતન થયું હોવાથી એ ‘મહાનકૃતિ’ છે. એવો[illegible] નના ટૂંક સમયમાં જ બંધાઈ ગયો હતો. અનેક અભ્યાસીઓએ વ્યાપક ચિંતન કરીને એના સમર્થનમાં અભ્યાસલેખો પણ લખ્યા જેમાં ‘‘સરસ્વતીચંદ્ર-ગુજરાતી નવલકથાનુ એક સીમાચિહ્ન’’(ડો. રમણલાલ જોશી), ‘સરસ્વતીચંદ્રનુ રહસ્ય’ (વિ. ર. ત્રિવેદી), ‘સરસ્વતીચંદ્રપુરાણ’(આનંદ શંકર ધ્રુવ) વગેરેનો સમાવેશ થાય છે. બીજા અનેક સાહિત્યકારો, વિવેચકો, વિદ્વાનોએ એના ઉપર ચિંતન કરીને કૃતિની સાહિત્યિક સઘનતાનો ખ્યાલ આપીને એની મહાનતાને બિરદાવી છે. પરંતુ આધુનિકવાદના પુરસ્કર્તા સુરેશ જોશી, સુમન શાહ વગેરે તેને કલાપરક નિષ્ફળતા તરીકે[illegible] ખાવે છે. આમ એક જ કૃતિ વિશે અંતિમ છેડાના તર્કબદ્ધ વિવેચનો થતાં રહેતાં હોવાથી કૃતિવિવેચનનો પરિપ્રક્ષ્ય વિશાળ અને વ્યાપક સંદર્ભ ધરાવે છે. માત્ર કૃતિની રૂપરચનાની તપાસ કરવી કે[illegible] ક જીવનમૂલ્યના સંદર્ભમાં તેનુ મૂલ્યાંકન કરવું એવો પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે.

કૃતિવિવેચનની પ્રવૃતિ ને સમજવા માટે કળામીમાંસકોએ મુખ્યત્વે ત્રણ વ્યાપાર અલગ તારવ્યા છે.

- કૃતિને લગતું વર્ણન (Description)
- કૃતિનું અર્થઘટન (Interpretation)
- કૃતિનું મૂલ્યાંકન (Evaluation)

કૃતિવિવેચનને લગતા આ ત્રણ વ્યાપારોનો પ્રશ્ન વિવાદાસ્પદ રહયો છે. કારણ કે નપ્રક્રિયા ઘણીવાર વિશ્લેષણના આધારે અર્થઘટનમાં પ્રવેશી જાય છે અને કૃતિના અર્થઘટનની પ્રવૃતિ જુદા-જુદા સ્તરે, જુદા-જુદા દષ્ટિકોણને અનુલક્ષીને ચાલતી પ્રક્રિયા છે. કૃતિનું મૂલ્યાંકન એટલે કૃતિના સારા-નરસા પાસાઓ અંગે તારવણી કરવી. કૃતિમાં રજૂ થતો વિચાર કે કલ્યાણકારી હોય પરંતુ કૃતિમાં સંપૂર્ણ ઓગળી શકતો ન હોય તો કયારેક સામાજિક દષ્ટિએ કે અનૈતિક લાગતો વિચાર કે કૃતિમાં ગુંથાઈને કૃતિને કલાના ધોરણે રસપ્રદ બનાવતો હોય એવુ પણ બને. તો મૂલ્યાંકનનો મૂળભુત આધાર કયો? એવો પ્રશ્ન પણ ઉદ્ભવે કૃતિવિવેચનની પ્રક્રિયા એટલે કૃતિ વિશે કોઈ અંતિમ નિર્ણય કુેચ કાદો આપવો કે એના મૂલ્યાંકન પૂરતી જ સીમિત રાખવી? કેમ કે to judge નિર્ણય આપવો અને માત્ર મૂલ્યાંકન to evaluate-વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા છે. આ સમગ્ર ચર્ચા ઉપરાંત પ્રમોદકુ પટેલનો મત પણ તપાસવા યોગ્ય છે. કૃતિવિવેચન અંગે તેઓ જણાવે છે કે,

> ***"કૃતિવિવેચન, એકબાજુ વિવેચકે કોઈ કૃતિના વાચનની ઉત્કટ ક્ષણોમાં જે રસાનુભવ (Aestetic Experience) મેળવ્યો છે. તેની સાથે તંતોતંત અખિલાઈમાં અનુસંધાન જાળવી રાખવા માગે છે. બીજી બાજુ, અભ્યાસી વિવેચક કૃતિવિવેચનના ભાગરૂપે કૃતિ અને કર્તા વિશે અનેકવિધ બાહ્ય માહિતી, સંશોધિત***

*જ્ઞાનવિજ્ઞાન કે                કળતો રહે છે. અને વિવેચનની પ્રવૃતિ એ રીતે વિદ્વતાના ક્ષેત્રમાં વિસ્તરે છે. વિવેચનકાર્ય (Critical Act) અને વિવેચનપ્રક્રિયા (Critical Process) આ બે છેડાની વચ્ચે રેખાંકિત કરી શકાશે."[૧૦]*

કૃતિવિવેચનની પ્રવૃતિ રસાનુભુતિ સાથે નિકટનો સંબંધ ધરાવે છે. એ ઉપરાંત તેમાં પણ અનેક પ્રત્યક્ષ કે                હોય છે. જે પ્રક્રિયા અલગ પણે કે એકસાથે જોડાઈને વિવેચન પ્રક્રિયાના હિસ્સારૂપ હોય છે. કૃતિનું કોઈ અપરિચિત તત્ત્વ ધ્યાનમાં આવે તો ભાવકને તેનો પરિચય કરાવવો, રસનિષ્પત્તિ માં કયા ઘટકોએ કેવી ભૂમિકા ભજવી છે તે બતાવવું, કૃતિના અનેકવિધ તત્ત્વોમાંથી સુરેખ આકૃતિની ખોજ કરી આપવી, કૃતિમાં રજુ થયેલ ભાવ, અર્થ કે        લ્યનિર્દેશ કરવો, કૃતિની સમગ્રલક્ષી સમીક્ષા કરી સાહિત્ય પરંપરામાં તેનુ સ્થાન બતાવવું જેવા અનેક પ્રયોજનો કૃતિવિવેચનનાં ક્ષેત્રમાં સમાવેશ પામે છે. વિવેચનની આ સૂક્ષ્મ, જટિલ અને સંકુલ ક્રિયા માટે જુદા-જુદા સંદભો અને પરિપ્રેક્ષ્યો પણ તપાસવા પડતા હોય છેં જેના આધારે કૃતિવિવેચનની પદ્ધતિઓ અને અભિગમો વિકાસ પામ્યા છે. જે અંગે પ્રાથમિક ચર્ચા કરવાનો અત્રે ઉપક્રમ રાખ્યો છે. પ્રમોદકુ   ટે     નની કે  ક પદ્ધતિઓ કે  ભગમો દર્શાવ્યા છે. જેને અનુલક્ષીને આપણે ત્યાં વિવેચન થતું રહ્યું છે. તેમના મત મુજબ વિવેચનની વિવિધ પદ્ધતિઓ અને અભિગમો આ મુજબ છે.

૧. સાહિત્યસ્વરૂપલક્ષી પદ્ધતિ (Generic Method)

૨. ચરિત્રલક્ષી પદ્ધતિ (Biographical Method)

૩. નીત્તિવાદી અભિગમ (Moral Approach)

૪. ઐ     ક અભિગમ (Historical Approach)

૫. સૌંદર્યવાદી/પ્રભાવવાદી અભિગમ (Acsthetic/ Imeressionitiz Approach)

૬. સમાજશાસ્ત્રીય-સાંસ્કૃતિક અભિગમ (Socio-Cultural Approach)

૭. માર્ક્સવાદી અભિગમ (Marxist Approaches)

૮. મનોવિશ્લેષણવાદી અભિગમ (Psycho-Analytic Approach)

૯. પુરાકલ્પનો અને આદ્યરૂપોને લક્ષતું વિવેચન (Criticism Pertuining To Myths And Archetypes)

૧૦. રશિયન સ્વરૂપવાદ (Russian Formalism)

૧૧. નવ્ય વિવેચન (New  Criricism)

૧૨. આધુનિક ભાષાવિજ્ઞાન/શૈલીવિજ્ઞાન પર આધારિત 'વિવેચન' (Criticism Based On Modern Linguistic/Stylistics)

૧૩. સંરચનાવાદી અભિગમ (Strueturalist Approach)

૧૪.અનુસંચારનાવાદ અને વિઘટન (Post-Structuralism And Deconstruction)

૧૫.ફિનોમિનોલોજી, વાચન-પ્રક્રિયા અને વાચક-પ્રતિભાવકને લક્ષતા અભિગમો (Phoenomenology, Reading Process And Rader's Response Approaches)

૧૬. નારીવાદી અભિગમ (Feminist Approachtes)

## ૧.૫ અત્રે જણાવેલ વિવેચનપદ્ધતિઓ/અભિગમો વિશે પ્રાથમિક સમજ આપવાનો ઉપક્રમ રાખ્યો છે.

### ૧.૫.૧ સાહિત્યસ્વરૂપલક્ષી પદ્ધતિ (Generic Method):

કૃતિવિવેચનમાં આ મૂળભુત અને પાયારૂપ પદ્ધતિ છે. વિવેચક કૃતિનું વાચન-અધ્યયન શરૂ કરે તે પહેલા જ તેનાં સ્વરૂપ અંગે સભાન હોય છે કે કૃતિ 'ગદ્ય' સ્વરૂપની છે કે[illegible] કથા, નવલિકા, લઘુ[illegible] કીવાર્તા,

નિબંધ, આત્મકથા, ચરિત્રકથા, વગેરેમાંથી કયા માળખામાં બંધ બેસે છે. એ અંગે વિચાર કરવામાં આવે છે. તો 'પદ્ય' ની બાબતમાં પણ છાંદસ, અછાંદસ, લઘુકાવ્ય, મહાકાવ્ય, સોનેટ, ગીત, ગઝલ, હાઇકુ વગેરે સ્વરૂપનો વિચાર કરવામાં આવે છે.

સાહિત્યસ્વરૂપલક્ષી અભિગમથી કૃતિનું વિવેચન 'સમય' ની દૃષ્ટિએ પણ આગવું પરિમાણ ઊભું કરે છે. જેમ કે, કૃતિ પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન, આધુનિક કે અનુઆધુનિક યુગની છે. વળી, એમાંયે પ્રાચીન સમયનું કાવ્ય છે. નાટક છે કે મધ્યકાલીન આખ્યાન, ફાગુ, રાસ છે. એ બાબત પણ કૃતિવિવેચનમાં મહત્ત્વનો મુદ્દો બને છે.

કૃતિ પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન, આધુનિક કે નિક કોઈ પણ સમયની હોય પણ એની અંદર ગુંથાયેલુ ચોક્કસ નિહિત તત્ત્વ હોય છે. જેનો પણ કૃતિવિવેચનની આ પદ્ધતિ અંત્તર્ગત સમાવેશ કરી શકાય. જેમ કે કૃતિ ટ્રેજેડી છે કે કોમેડી પ્રકારની? રહસ્યકથા છે કે પ્રતીકાત્મક રચના? એ પણ વિચારણીય મુદ્દો બને છે.

જો કે એક કથી વધારે તત્ત્વનું સંમિશ્રણ એક જ કૃતિમાં હોય એ સંભવ છે. સમય, સ્થળ, સંજોગો પ્રમાણે તે બદલાય છે. પરંતુ ાત્ય વિચારક એરિસ્ટોટલે સ્વરૂપવાદી અભિગમ અંતર્ગત કૃતિમાં શુદ્ધ સ્વરૂપની હિમાયત કરી છે.

સૌથી વધારે પ્રચલિત આ પદ્ધતિની મર્યાદાઓ પણ ઘણી છે કેમ કે ક કૃતિને અમુક માળખાં કે ચોકઠાં અંતર્ગત મૂલવવા પ્રે કૃતિની આંતરક્ષમતા ઘણીવાર વીસરાય જાય છે. કોઈ સ્વરૂપ, સમય, પરંપરા કુ બધી જ કૃતિને લાગુ પાડવાના પ્રયાસથી કૃતિના વિશિષ્ટ અને અપૂર્વ રૂપને અને તેમાંથી સ્ફુટ થતી વ્યંજના કે ને પામવો દુષ્કર બને છે. સાહિત્યસ્વરૂપલક્ષી પદ્ધતિની આ મર્યાદા અંગે વિદ્વાનો પુર્નવિચારણા કરી રહ્યા છે.

## ૧.૫.૨ ચરિત્રલક્ષી પદ્ધતિ (Biographical Method):

એવું ... કે ... ન એના લેખકના વ્યકિતત્વનું, એના વિચારો કે ... તિબિંબ હોય છે. એ માન્યતાના આધારે કવિ, નાટયકાર કે ... કથાકાર પોતાની કૃતિમાં જે રીતે મનોવિશ્વ સર્જે છે, પાત્રો સર્જે છે, સંજોગો અને પરિણામો આલેખે છે કે ... ક, સાંસ્કૃતિક કે ... કીય મુદ્દા પર ચિંતન કરે છે તેને સર્જકના ચારિત્ર્ય, સંસ્કાર, ઉછેર સાથે સાંકળીને એના પરિપ્રેક્ષ્યતામાં તપાસ કરવામાં આવે છે. સર્જકનો ભૂતકાળ, જીવનપ્રસંગો, કે ... કૃતિના સર્જન પહેલા કે ... વગેરેને નજર સમક્ષ રાખીને એને કૃતિના વિશ્વમાં શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે પણ આ અભિગમનું અનુસરણ કરવાથી કર્તાનું મનોજગત પામવાના પ્રયાસોમાં કૃતિનાં હાર્દને પામવાનું વીસરાઈ જાય છે. જે આ પદ્ધતિની ગંભીર મર્યાદા છે.

## ૧.૫.૩. નીતિવાદી અભિગમ (Moral Approach):

સાહિત્યજગતમાં કૃતિમાં શેનું દર્શન મહત્ત્વનું છે? કલાનું કે ... પ્રશ્ન વારંવાર ચર્ચાતો આવ્યો છે. નીતિવાદી અભિગમ ધ્યાનમાં રાખનાર વિવેચક સાહિત્યકૃતિમાં રજૂ થતી માનવજીવનની ઘટનાઓ, પાત્રો, પાત્રોના મનોજગત, આચાર-વિચાર દરેકમાં નીતિમતાનો ખ્યાલ રાખીને તેને મૂલવે છે. કૃતિમાં કશું અપૂર્વ કે ... ક ન હો ... હ આ અભિગમમાં રાખવામાં આવે છે. આ અભિગમને વિસ્તારીને સર્જક પણ નીતિવાન અને શુદ્ધ ચારિત્ર્ય ધરાવતો હોવો જોઈએ એવી અપેક્ષા રખાય છે.

નીતિ-અનીતિ વગેરે ધોરણો વ્યવહારજગત કે ... ધરાવે છે. પરંતુ સાહિત્યકૃતિને માત્ર એ જ પરિપ્રક્ષ્યમાં તપાસવામાં આવે તો એના સર્જકના ગહન સંકે ... તેમજ કૃતિના અખિલાઈના દર્શનમાં પણ આ અભિગમ બાધારૂપ બને છે. જે એની મોટી મર્યાદા છે.

## ૧.૫.૪ ઐતિહાસિક અભિગમ (Historical Approach):

પરે કૃત થયો છે. આ અભિગમ ધરાવનારા વિવેચકોનું માનવું છે કે કૃતિનો કર્તા ઈતિહાસના કોઈ એક ચોક્કસ સંજોગો અને પરિબળો વચ્ચે જીવ્યો હોય છે; એનુ માનસ એ યુગની સામાજિક-સાંસ્કૃતિક, રાજકીય વિચારધારાથી ઘડતર પામ્યું હોય છે. એ યુગની વિચારધારાના પ્રભાવે તેના ભાવવિશ્વ અને ચેતનાને પ્રભાવિત કર્યા હોય છે. જેનો પડઘો એની કૃતિમાં અવશ્ય પડે છે. જેમ કે પાઠકની કૃતિમાં ગાંધીયુગની વિચારધારાનો પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે. એ ઉપરાંત કૃતિમાં રજુ થતાં વિષયો, તેની ભાષાશૈલી, પ્રકાર વગેરે પર પણ ઈતિહાસના ચોક્કસ સમયખંડ અસરો વર્તાય છે. ખાસ કરીને મધ્યકાલીન કૃતિઓના વિવેચનમાં આ પદ્ધતિનો સવિશેષ ઉપયોગ થાય છે. માત્ર ઈતિહાસના બર્હિગત તત્ત્વોથી કૃતિનું સમગ્રલક્ષી મૂલ્યાંકન શકય નથી કેમ કે કચેતના ઘણીવાર પોતાના યુગથી આગળ વિસ્તરતી હોય છે.

## ૧.૫.૫ સૌંદર્યવાદી/પ્રભાવવાદી અભિગમ (Aesthetic/Impressionistic Approach):

સાહિત્ય વિવેચનમાં ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક કે ધોરણો પ્રચલિત બન્યા એની અસરરૂપે સાહિત્યકૃતિમાં રહેલા સૌંદર્યતત્ત્વની ઉપેક્ષા થઇ. જેની સામે સાહિત્યમાં અમુક વિવેચકો દ્વારા કળા ખાતર કળા અને સૌંદર્યવાદનો મહિમા સ્થાપિત કરવા પ્રયાસો કર્યા. પરિણામે કળા માત્ર સૌંદર્યનું સર્જન કરે છે. અને સૌંદર્યજન્ય આનંદ એ જ એનું પરમ પ્રયોજન છે. એ વિચારના આધારે સૌંદર્યવાદી કેપ્રભાવવાદી વિવેચનનું સ્થાન ઊભુ થયું. કોઈ સાહિત્યકૃતિના વાચન દરમિયાન ભાવકના ચિત્તમાં જે પ્રભાવ અંકિત થાય, તેમાં વર્ણવાયેલા ભાવો, વિચારો વગેરેએ જે સં યા હોય તેની અભિવ્યકિત વિધિ નિષેધના બંધન વિના આપવામાં આવે છે સાહિત્ય વિવેચનના

ઈતિહાસમાં આ અભિગમ નોંધપાત્ર એટલા માટે છે [redacted]

તત્ત્વો પર જ મંડાયેલી છે. પરંતુ આ અભિગમની મર્યાદા એ છે કે [redacted] ˊવાદના પ્રભાવ તળે વિવેચકો અંગત સંવેદનો [redacted] કરવા લાગતા મૂળકૃતિ સામે અલગ જ પ્રકારનું ભાવજગત ઊભું થવા લાગ્યું. અને કૃતિના મૂળ હાર્દનો લોપ થવા લાગ્યો.

## ૧.૫.૬ સમાજશાસ્ત્રીય સાંસ્કૃતિક અભિગમ (Socio-Cultural approach):

સાહિત્યકૃતિ ગમે તેટલી મહાન હોય પરંતુ અના કેન્દ્રમાં માનવ રહેલો છે. અને માનવ એ અનિવાર્યપણે સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલો છે. જો કે [redacted] 'સંસ્કૃતિ' એ બે વિભાવનાઓ એકરૂપ નથી. પરંતુ બંને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. અને એકબીજા પર નિર્ભર હોવાથી વિવેચનમાં બંનેને સાથે સાંકળવામાં આવે છે.

સમાજશાસ્ત્રીય સાંસ્કૃતિક અભિગમમાં વિવેચનો એક વર્ગ કળાકૃતિની આગવી વિશિષ્ટતાના મૂલ્યાંકનના બદલે સર્જક સમાજના ક્યા વર્ગ કે [redacted] કયા વર્ગહિતો આગળ ધરે છે. એનું સાહિત્ય કયા વર્ગમાં વિશેષ વંચાય છે વગેરે બાહ્ય વિગતો પર જ આધાર રાખે [redacted] કળામાં પક્ષકાર વિવેચકો આ અભિગમની નવા જ દૃષ્ટિકોણથી પ્રતિષ્ઠા કરે છે. કૃતિ એક સ્વાયત રચનાતંત્ર છે. પરંતુ એનો સામાજિક સાંસ્કૃતિક સંદર્ભો [redacted] -જુદા સ્તરોએ કે [redacted] ંધ રહ્યો છે તેની વિચારણા કરે છે. મહાન સાહિત્યકૃતિઓ કોઈ એક વ્યકિતની ચિત્તદશાની નહિ પણ એની સાથે જોડાયેલા સમગ્ર સામાજિક- સાંસ્કૃતિક તત્ત્વોની પણ ઉપલબ્ધિ છે તે નિશ્ચિત સમાજ કે સ કૃતિકની ચેતનાનો અવિષ્કાર છે. આ કારણોસર આ અભિગમ કૃતિના અર્થબોધમાં સવિશેષ સહાયરૂપ થાય છે.

## ૧.૫.૭.માર્ક્સવાદી અભિગમો (Marxist Approach):

માર્ક્સવાદ મૂળભુત રીતે તો અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ અને માનવક્રાંતિ વિશેની એક મહાન વૈજ્ઞાનિક વિચારધારા છે. માર્ક્સના ચિંતન વિશ્વમાં સાહિત્ય

તેમજ કળાને લગતું છૂટું ું એકબીજા સાથે સાંકળીને તેમજ અર્થઘટન કરીને વિવેચકોએ વિશિષ્ટ સાહિત્ય સિદ્ધાંત રચવાના પ્રયત્નો કર્યા છે. પરંતુ માર્ક્સવાદી વિવેચનનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત સ્થાપિત થયો નથી; કેમ કે ર્ક્સવાદ એ સ્વયં ગતિશીલ અને પરિવર્તન પામતી વિચારધારા છે. એમ છતાં માર્ક્સવાદ જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓ સાથે સંબંધિત હોવાથી જુદા-જુદા પરિપ્રે વિવેચકોએ એના સાહિત્યકૃતિના સંબંધ અંગે ચિંતન કર્યુ છે.

## ૧.૫.૮ મનોવિશ્લેષણવાદી અભિગમ (Psychoanalytic Approach):

સાહિત્યસર્જનનો માનવજીવનના અનુભવો, સંઘર્ષો, સ્વપ્નો વગેરે મનોવૈજ્ઞાનિક તત્ત્વો સાથે પ્રત્યક્ષ કું

અભિગમનો ઉદ્ભવ સિગ્મંડ ફ્રાઇડના મનોવિજ્ઞાનમાં કેન્દ્રસ્થાને રહેલા Psychoanalytic પર મંડાયેલો છે. ફ્રોઇડે સાહિત્ય અને કળાઓ વિશે કોઈ સુગ્રંથિત કેપ દ્ધતિસરની ચર્ચા કરી નથી પરંતુ તેનો અસંપ્રજ્ઞાત ચિત્ત (Unconcios mind) નો ખ્યાલ સમાજ, સંસ્કૃતિ અને સર્જકના સર્જનને સ્પર્શે છે. આ અભિગમના સમર્થક વિવેચકોનું માનવું છે કે

તેના સર્જકના ચિત્તમાં પડેલી અતૃપ્ત ઈચ્છાનું પ્રચ્છન્ન રૂપાંતરણ જ છે. જો કે

લઈને ઘણા વાદ-વિવાદ થયા છે. એમ છતાં, આ અભિગમ અંતર્ગત પાત્રોના મનોગત, ચૈતસિક વ્યપારો, માનસિક સંચલનો, મથામણો વગેરે દ્વારા માનવ ચિત્તના ગહનતમ સંચલનોને ઝીલી શકાય છે. એ ઉપરાંત સાહિત્યકૃતિઓનાં મુખ્ય તેમજ ગૌણપાત્રો ના વાણી-વર્તન વ્યકિતત્વ દ્વારા રજૂ થતાં મનોવૈજ્ઞાનિક પ્રશ્નોને બે રીતે તપાસી શકાય; એક તો, એના સર્જકના ચિત્તવ્યાપાર સાથે સાંકળીને, બીજુ કે કના ચિત્ત પર પડતી મનોવૈજ્ઞાનિક અસરોને પણ આ ક્ષેત્રમાં સમાવી શકાય તેમજ કૃતિમાં વપરાયેલા કલ્પનો, પ્રતીકોના મૂળ સ્ત્રોતો અને તેની કામગીરી, કૃતિની ભાષામાં સંપ્રજ્ઞાત અસંપ્રજ્ઞાત ચિત્તની

અસરો વગેરે પણ આ અભિગમ હેઠળ તપાસી શકાય. જો કે નનો આ અભિગમ એના પ્રરંભથી જ પાશ્ચાત્ય સાહિત્યવિવેચનમાં જટિલ અને વિવાદાસ્પદ રહયો છે. કેમ કે આ અભિગમથી થતા વિવેચનને સાહિત્યવિવેચનનો દરજજો આપી શકાય? આ અભિગમ સમગ્ર કૃતિનું રહસ્યો દ્ઘટન કરે છે કે ક અંશનુ? જો તે અમુક અંશનું જ અર્થઘટન કરે છે તો તેની પ્રસ્તુતતા કે ? વગેરે... આ બધા વિવાદો છતાં સાહિત્યવિવેચનમાં આ પદ્ધતિનો મોટા પાયે વિનિયોગ થાય છે.

## ૧.૫.૯ પુરાકલ્પનો અને આદ્યરૂપોને લક્ષતુ વિવેચન (Criticism Pertaining To Myths And Archetypes)

પુરાકલ્પનો અને આદ્યરૂપોને આધારિત કરવામાં આવતુ વિવેચન એ તદ્દન નિરાળો અભિગમ છે. પુરાણકથાઓને પવિત્ર અને લોકોત્તર રહસ્યવાળી માનવામાં આવે છે. લોકો એને પુરી આસ્થા સાથે સ્વીકારે છે. આ પુરાણકથાઓની અસર સમાજ વ્યવસ્થા, વિધિવિધાન, રિવાજો, પર્વો અને ઉત્સવોમાં વર્તાય છે. સાહિત્ય તેમજ અન્ય કળાઓએ પુરાણકથાઓમાંથી પ્રેરણા મેળવી છે. પરંતુ આધુનિક યુગમાં બુદ્ધિવાદ અને વૈજ્ઞાનિક વિચારના પ્રભાવમાં આ ક્ષેત્ર સંશયનો વિષય બન્યું છે. પરંતુ કળાકારો તેમજ સાહિત્યકારો એમાંથી સતત કશુંક નવીન અને રસપ્રદ શોધીને એં દર્ભો, અર્થ તેમજ સંકે આધુનિક પરિસ્થિતિના સંદર્ભમાં જોડતાં થયા છે. પૌરાણિક વિષયવસ્તુના સંદર્ભમાં વિવેચકો દ્વારા લોકપ્રિય પુરાણકથાના નવસંસ્કરણો અને તેના રૂપાંતર અંગે અધ્યયન કરવામાં આવે છે. એ ઉપરાત એ વિષયની તરેહો, તેના પુનરાવર્તનો અને એ દરમિયાન થયે નો સાંપડતા વિશિષ્ટ અર્થઘટનો કૃતિની રૂપરચનામાં વિધિવિધાનની પ્રે કરવામાં આવે છે. તદુંપરાત કૃતિની પ્રગટ સામગ્રી અને અપ્રગટ કેપ-ચ્છન્ન ગુઢાર્થ વચ્ચેનો સંબંધ, પૌરાણિક પ્રતીકો કે કૂ, પ્રકાશ, અંધકાર, રથચક્ર, વેદી, ઉદ્યાન,

પરી, યોનિ, સુવર્ણપંખી, ગુફા, કલ્પવૃક્ષ વગેરેના ગુઢાર્થોની ખોજ તેમજ બે નિકટના સાહિત્યોમાં એક જ પુરાણકથામાંથી પ્રે -અલગ સાહિત્યસર્જનનું તુલનાત્મક અધ્યયન વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. ક વિષયના અભ્યાસીઓએ આ અભિગમને અનુલક્ષીને વ્યાપક ચિંતન કર્યુ છે. પરંતુ સર્વ વિચારણાઓમાં પુરાકલ્પનની કોઈ એક સ્થિર નિશ્ચિત અને એકાત્મરૂપ વ્યાખ્યા કે ાપ્ત થઈ નથી.

## ૧.૫.૧૦. રશિયન સ્વરૂપવાદ (Russian Formalism):

રશિયન સ્વરૂપવાદનો ખ્યાલ ૧૯૧૫ થી ૧૯૩૦ ના સમયગાળામાં અસ્તિત્વમાં આવ્યો આ વાદના સમર્થકો સાહિત્યક અધ્યયનને સંપૂર્ણ સ્વાયત વિદ્યાશાખા તરીકે કારે છે. કૃતિના વિવેચન-મૂલ્યાંકન કરતાંય સમજવાનું તેઓ વધારે મહત્ત્વ આપે છે. આ અભિગમમાં સાહિત્ય કળા છે કે છે.? એવી પરંપરાગત ચર્ચા તેમજ આંતર વિદ્યાકીય અભિગમ વગેરેનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આ વાદના પુરસ્કર્તાઓના મતે સાહિત્યક નિર્માણ એ સ્વાયત ભાષાકીય રચના છે. એ રીતે સાહિત્યિકતાની તપાસ ભાષાકીય સ્તરેથી તેઓ આરંભે છે. આ વાદ આમ તો નવ્ય વિવેચનને મળતો આવે છે. પરંતુ નવ્ય વિવેચન કૃતિના સંકુ ને તપાસવાના પ્રયાસમાં એના બાહ્ય જગત સાથેના સંબંધને અમુક અંશે સ્વીકારે છે. જયારે રશિયાન સ્વરૂપવાદીઓ સાહિત્યની ‘સાહિત્યિકતા’ ને માનવીય મૂલ્યો અને અર્થોથી અળગી રાખે ક પાઠ એ ભાષાકીય પ્રયુકિતનું સંયોજિત રૂપમાત્ર છે. તેમના માટે સાહિત્યનું નિર્માણ બાહય વાસ્તવના સીધેસીધા પ્રત્યક્ષ બોધમાંથી પણ સાહિત્યનું પાઠોના સંપર્કમાંથી જન્મે છે અને સાહિત્યનું વિશ્વ તેના બહારના જગતથી તેના કર્તાના મનોવિશ્વથી પણ ભિન્ન હોય છે.

## ૧.૫.૧૧ નવ્ય વિવેચન (New Criticism):

પાશ્ચાત્ય વિવેચનના ઈતિહાસમાં 'નવ્ય વિવેચન' એક મોટી ક્રાંતિકારી ઘટના છે. સાહિત્ય કૃતિના પ્રાણભૂત તત્ત્વ લેખે એવો મૂળભૂત ખ્યાલ આ વિવેચનના પાયામાં રહેલો છે. વિવેચનના આ ઉદ્ભવ પહેલાં વિવેચનપ્રક્રિયા નિમિતે કર્તાનું મનોગત, ચરિત્ર, નીતિમતા, યુગબળોનો પ્રભાવ જેવા મુદ્દાની તપાસ કરવામાં કૃતિના હાર્દરૂપે સાહિત્યક તત્ત્વો ને પામવાનુ વિસરાઈ જતું નવ્ય વિવેચકોએ કૃતિને-કૃતિના આશય, એના ભાવકોના હકારાત્મક-નકારાત્મક પ્રતિભાવોથી મુકતપણે અન્ય સ્વરૂપે જોવાનો ખ્યાલ પ્રસ્થાપિત કર્યો. દરેક કૃતિ એ આગવું, વિશિષ્ટ, સ્વતંત્ર વિશ્વ છે. અને એમાં કોઈ વર્ણ્ય વિષય કે હ્ય સંદર્ભો નહી પરંતુ સ્વયં ભાષા જ એક સર્જનાત્મક તત્ત્વ છે કૃતિનું રૂપ એ કોઇ રૂઢિગત ઢાંચો કે વ નથી પરંતુ કૃતિમાં સમાવિષ્ટ વિવિધ ઘટકો વચ્ચેના સજીવ ગતિશીલ સંબંધોનું એ તંત્ર છે. સર્જકના અનુભવવિશ્વના સમાન કે તત્ત્વો સર્જક શકિતના આવિષ્કાર થકી એમાં પૂર્ણ એકતા પામે છે. કૃતિના ઘટકતત્ત્વો વચ્ચેની બૌદ્ધિક, તાર્કિક અને વિશ્લેષણાત્મક તપાસ આ વિવેચન પ્રવૃતિમાં કેન્દ્રસ્થાને છે. જેના દ્વારા મર્મી વિવેચક કૃતિને એના અખ કે૭

## ૧.૫.૧૨ આધુનિક ભાષાવિજ્ઞાન/શૈલીવિજ્ઞાન પર આધારિત 'વિવેચન' (Criticism Based On Modern Linguistic/Stylistics)

## ૧.૫.૧૩ સં (Structuralist Approach):

પાશ્ચાત્ય વિવેચનજગતમાં અત્યંત મહત્ત્વના અભિગમ તરીકે વિવેચનના આ અભિગમ અંતર્ગત વિવેચકો સાહિત્યકૃતિને એક સાર્વભૌમ સંરચનાત્ર માનીને તેમાં ગું ઘટકોની વિશ્લેષણાત્મક તપાસ કરીને તેમાંની વચ્ચેના સંબંધને તેમજ એમની પારસ્પરિક અસરોને તપાસે છે. જેમ કે કોઈ ઊર્મિકાવ્યનો વિવેચનાત્મક અભ્યાસ કરવાનો

હોય તો તેમાં કર્તા કે કૃતિનો વિષય, તેનો હેતુ વગેરે મુદ્દાઓને સ્થાને છંદ બંધારણ, લયનું તંત્ર, ધ્વનિઓનું તંત્ર કે ત્ર, વસ્તુ વિચારતંત્ર વગેરેના પારસ્પરિક સુગ્રથન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. Structurialist Approach નો ખ્યાલ વિકસાવવામાં નો થોપ ફ્રાય, સોસ્યૂર જેવા પાશ્ચાત્ય વિવેચકોનું કામ નોંધપાત્ર છે.

### **૧.૫.૧૪ અનુસંરચનાવાદ અને વિઘટન (Post Structurialism And Deconstruction):**

'અનુસંરચનાવાદ' શબ્દ પરથી પહેલાં તો એવુ લાગે કે અનુકરણ હશે પરંતુ આ સદીના સાતમાં દાયકાના ઉતરાર્ધમાં ઉદ્ભવ પામેલ અનુસંરચનાવાદ એ સંરચનાવાદનું અનુકરણ કે ક મુદ્દાઓ સામે વિરોધ દર્શાવે છે કૃતિ અખંડ સર્વાગ્રાહી અને અંતઃકેન્દ્રયુકત રચના ધરાવે છે. જયારે અનુસંચારનાવાદીઓ સંરચનાની અર્થ કારતા નથી. અનુસંરચનાવાદીઓનું માનવું છે કે ક મેટાલેંગ્વેજ છે. અને તેનું મુળ ભાષાની જેમ વિશ્લેષણનું કરી શકાય. વળી, આમ આ અંતહીન પ્રકિયા છે -સાથે વિઘટનનો સિદ્ધાંત પણ અસ્તિત્વમાં આવ્યો. દેરિદાએ રૂઢ પદ્ધતિમાં રચાઈ આવતા વિરોધી શબ્દયુગ્મો લઇને તેનું Deconstruction કરી બતાવ્યું સદ્-અસદ્, સુંદર-વિરૂપ, શુભ-અશુભ, ઈષ્ટ-અનિષ્ટ જેવા યુગ્મોમાં એક શબ્દ ચઢિયાતો અને એક ઉતરતો છે તેવું દર્શાવાતું. જયારે દેરિદાએ શબ્દોનું વિઘટન કરીને બતાવ્યું કે નો ખ્યાલ ખોટો છે. અને બંને શબ્દો પરસ્પરથી ગુંથાયેલા છે. તેમજ એક પદનો સ્વીકાર કરીએ તો જ બીજા અંગેની સમજ સ્પષ્ટ બને છે. જેમ કે -અશુભ' માં 'અશુભ'નો સ્વીકાર થાય તો જ 'શુભ' ની

સ્પષ્ટ સમજણ મળે. આ ખ્યાલ તેણે સાહિત્યક કૃતિના સંદર્ભમાં લાગું પાડયો. સંરચનાવાદ, અનુસંરચનાવાદ અને વિઘટનના અભિગમો અંગે વિદ્વાનોમાં પુષ્કળ મત્તભેદો છે. અને અંગે વાદવિવાદ પણ થતાં રહે છે. પરંતુ એ વિશે વિસ્તૃત ચર્ચા ન કરતા માત્ર તેની પ્રાથમિક સમજ આપવાનો જ પ્રયત્ન કર્યો છે.

## ૧.૫.૧૫ ફિનોમિનોલોજી, વાચન-પ્રક્રિયા અને વાચક પ્રતિભાવને લક્ષતા અભિગમો

**(Phenomenology, reading proass and reading response approches):**

Phenomenology ફિનોમિનોલોજી એ આધુનિક પાશ્ચાત્યવિજ્ઞાનની એક મહત્ત્વની હાલચાલ છે. પ્રસિદ્ધ જર્મન ફિલસૂફી એડમંડ હર્સલને એના પ્રણેતા માનવામાં આવે છે. આ સંજ્ઞા દ્વારા ઘણી ભિન્ન-ભિન્ન વિચારણા સૂચવવામાં આવી છે. એના મૂળમાં રહેલી 'ફિનોમિના' સંજ્ઞા અંગે પણ મત્તમતાંતરો છે. એ વિશે ચર્ચા ન કરતા અહીં માત્ર વિવેચનના એક અભિગમ તરીકે તેના વિશે ચર્ચા કરીશું. સાહિત્ય વિવેચનના આ અભિગમ અંતર્ગત પદાર્થ જગત વિશેનું પ્રચલિત જ્ઞાન, તેમા વિશેના અનુમાનો, વિભાવના વગેરેને બાજુ પર રાખીને પદાર્થની મૂર્ત સત્તાને સીધે-સીધી (Direct) પામવાનો ઉપક્રમ છે. આ અભિગમ અંતર્ગત કૃતિના આસ્વાદ તેમજ સમજ માટે ભિન્ન-ભિન્ન સ્તરની સંરચનાઓ અને સમગ્ર સંરચનાને ઝીણવટભરી રીતે ધ્યાનમાં લેવાની છે. પરંતુ કૃતિને આ કેક્ષ
કોઈ ચોક્કસ કૂપ ´નિર્ધારિત ઢાંચામાં ઢાળવાની નથી

ફિનોમિનોલોજી સાથે વાચક-વાચન પ્રક્રિયા જોડાયેલી છે. આ સદીમાં વિવેચનને વૈજ્ઞાનિક અભિગમો સાથે જોડીને વસ્તુલક્ષી કોટિએ સ્થાપવાના જે-જે પ્રયત્નો થયા તેમાં વાચકની સક્રિયતાની બાદબાકી થઈ. જયારે આ અભિગમ અંતર્ગત લેખકની સૂક્ષ્મ માનસિક પ્રક્રિયા તેમજ માનસિક સંચલનોને પ્રાધાન્ય અપાય છે. આ અભિગમના

સમર્થકોના મત મુજબ વાચનની ક્ષણોમાં વાચકની આત્મચેતના કૃતિમાં લીન બને છે ત્યારે બહારની વાસ્તવિકતાના બંધનમાંથી તે મુક્તિ મેળવે છે. એ ક્ષણે કૃતિમાના પદાર્થોથી પોતે સભર હોવાથી અનુભૂતિ કરે છે. વાચકચિત્ત પર પડતા પ્રતિભાવોની અંતર્ગત જે-જે સંચલનો ચાલે છે એનો વ્યાપકપણે આ અભિગમમાં સમાવેશ થાય છે. વળી, અમુક વિદ્વાનો ભૂતકાળની કૃતિઓ અને વર્તમાન વાચકની તેની સાથેની નિસબત જોડીને ઐતિહાસિક પરિપ્રે દાખવે છે. એમનું માનવું છે કે કના પ્રતિભાવમાં જન્મજાત ઐતિહાસિક ચેતના કામ કરે છે. સાહિત્યવિવેચનમાં વાચકને અનુલક્ષીને ચાલતી આ નોંધપાત્ર વિચારધારા છે.

## ૧.૫.૧૬ નારીવાદી અભિગમ (Feminist Approach):

સમગ્ર માનવજાતના ઈતિહાસનું બારીકાઈથી અવલોકન કરીએ તો સ્ત્રીઓનું સ્થાન દરેક ક્ષેત્રમાં ગૌ કતનો મહિમા સ્વીકારવામાં આવ્યો છે તે પુરૂષોની દૃષ્ટિએ થયેલું મૂલ્યાંકન છે. પરંતુ આ સદીમાં જાગૃત થયેલા નારીસમાજે હવે પુરૂષપ્રધાન સંસ્કૃતિ સામે પડકાર ફેંકયો છે. એમનો પ્રશ્ન પુરૂષોના મૂલ્યાંકનો જે એમણે પુરૂષ પ્રધાન સમાજમાં ઉછેર પામીને સ્થાપિત કર્યા છે. એને હટાવવાનો છે. નારીવાદી વિવેચન સમગ્ર પુરૂષપ્રધાન વ્યવસ્થાનું પરીક્ષણ કરે છે તેમજ પુરૂષો દ્વારા લખાયેલી સાહિત્યકૃતિમાં સ્ત્રીના સ્થાન અને સંદર્ભને પણ તપાસે છે. આ ઉપરાંત લેખિકાઓ દ્વારા નિરૂપાયેલી સ્ત્રીઓ અને પુરૂષો પ્રત્યે

સ્ત્રીઓનું ભાવવિશ્વ અને નિજી સંવેદનાઓનો સામાજિક-સાંસ્કૃતિક પરિપ્રક્ષ્ય સાથેનો સંબંધ, લેખિકાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અને લેખન પ્રકારની તેમની સમસ્યાઓ, પુરૂષ કલાકારો દ્વારા કંડારેલી નારિમૂર્તિઓ અને પુરૂષો દ્વારા લખાયેલાં દર્શન, સૌંદર્યવિચારણા, વિવેચન વગેરે અનેક દિશામાં આ નારીવાદી વિવેચનક્ષેત્ર વિકસ્યું છે. એમ

છતાં નારીવાદી વિવેચનના પ્રણેતાઓ કે કોએ આ વિશે કોઈ વ્યવસ્થિત અને સુગ્રંથિત અને સંગતિપૂર્ણ સિદ્ધાંતિક ચર્ચા કરવાનું વલણ દર્શાવ્યું નથી વળી, નારીવાદી વિવેચકોનું એક જૂથ નારીસતાની સ્વતંત્ર ઓળખને જ સર્વોપરી ગણે છે. જેમાં તે વિશિષ્ટ માનસિક સંચલનો, વિલક્ષણ, અસંપ્રજ્ઞાત વગેરે સાહિત્યકૃતિમાં કે આવેછ એને ઓળખવા આવેછ કીકતમાં નારીવાદ વિવેચનમાં સભાન જાતીય ચેતનાને વધારે મહત્ત્વ અપાય છે. જેના માનસિક પરિણામે તેના વિવેચનમાં દ્વિવિધ જાત્તીયચેતના ; એક તો પોતાની આગવી અસ્મિતા ઊભી કરવાની પ્રબળ ઝંખના અને બીજી પુરૂષદષ્ટિ એને તાકેછ તેમાંથી અલગ જ એનું સ્ત્રીત્વ સ્થાપવાની વૃતિનો સામનો કરવો પડે છે. આ પ્રશ્નો સૂક્ષ્મ, પેચીદા અને સંકુ માં આ અભિગમ નક્કર આધારો સાથેની પુર્નવિચારણા માંગે છે.

- ✓ વિવેચનજગતમાં કે ક વિચારણા કે
  સર્વસ્વીકૃત હોય છે. જયારે અમુક અભિગમો અને તેના ગૃહીતો હંમેશા ચર્ચાસ્પદ રહયા હોય છે. વળી, આ અભિગમો એકબીજા સાથે જો અને પરિવર્તનશીલ પણ હોય છે. જેથી તેના વિશે કોઈ અંતિમ વિધાન કરવાનું શકય નથી.

આપણા વિદ્વાનોએ વિવેચનપ્રકાર અને પદ્ધતિઓ અંગે વ્યાપક ચિંતન કરીને સાહિત્યિક મૂલ્યોની ખે ાં કરી છે. અહીં આપણે સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિવિવેચન એ બે પ્રકારો અંગે ચર્ચા કરી હવે એના પારસ્પરિક સંબંધ અંગે વિચારણા કરીશું.

## ૧.૬ સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિવિવેચનનો પારસ્પરિક સંબંધ :

સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિવિવેચનની પ્રવૃતિના અલગ પાડવી જટિલ છે. કેમ કે કબીજા પર ગાઢ અસર છે. કોઈ વિવેચક સૈદ્ધાંતિક ચર્ચા દરમિયાન એના સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવા અમુક કૃતિના ગુણ-દોષનો આશ્રય લે છે. તો કૃતિલક્ષી

વિવેચનપ્રક્રિયા દરમિયાન એનો વિવેચક પણ કૃતિની મહત્તા કે સિદ્ધાંતલક્ષી ચર્ચા કરે જ છે. આ રીતે વિચારીએ તો કૃતિલક્ષી વિવેચન અને સિદ્ધાંતલક્ષી વિવેચન પરસ્પર સંકળાયેલી તેમજ એકબીજાને પૂરક પ્રવૃત્તિ બની રહે છે. વળી, અમુક સર્જક પાસેથી કોઈ એવી ઉત્તમ પ્રકારની કૃતિ પ્રાપ્ત થાય છે જે ખુ ેત કે ધારાધોરણો સ્થાપી શકવા સક્ષમ હોય છે. એવી કૃતિના અમુક કાળજયી તત્ત્વો ખુ ંત બનીને અનુગામી વિવેચકો માટે સિદ્ધાંતલક્ષી વિચારણાનો નવો જ અયામ ઊભો કરે છે. વિવેચનના ઈતિહાસમાં સ્વીકારવામાં આવ્યું છે કે સ દ્ધાંતિક વિવેચનમાં સાહિત્યના ઈતિહાસની મહાન કૃતિઓના પડઘા પડે છે. આ બંને પ્રવૃતિ તદ્દન સ્વતંત્ર કે એક વિશે વિચારણા કરતી વખતે અન્યને અવગણી ન શકાય એ રીતે પરસ્પરથી જોડાયેલી પ્રવૃતિ છે. આમ, કૃતિ હોય કે એને અખં માં સમજવા માટે બંનેની વિચારણા અવશ્યપણે કરવી પડે.

# પાદટીપ

| ક્રમ | કર્તાનું નામ | કૃતિનું નામ | આવૃતિ વર્ષ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | પ્રમોદકુમાર પટેલ, | 'કલા, સાહિત્ય અને વિવેચન', | ૨૦૦૦, | ૬૭ |
| ૨ | એજન, | - | - | ૬૪ |
| ૩ | એજન, | - | - | ૭૦ |
| ૪ | એજન, | - | - | ૭૦ |
| ૫ | વિશ્વનાથ ભટ્ટ, | 'સાહિત્ય સમીક્ષા', | ૧૯૮૪, | ૧૮ |
| ૬ | જયંત પાઠક, | 'કિમપિદ્રવ્યમ', | ૧૯૭૮ | ૮૨ |
| ૭ | સુમન શાહ, | 'નવ્ય વિવેચન પછી', | ૧૯૭૭, | ૨૩ |
| ૮ | વિજયરાય વૈદ્ય, | 'માણેક અને અકીક', | ૧૯૬૭, | ૧૬૭ |
| ૯ | હિંમત ભાલોડિયા, | 'ગુજરાતી વિવેચનના કેટલાંક સમ્પ્રત્યયો' | ૨૦૦૯ | ૧૪ |
| ૧૦ | પ્રમોદકુમાર પટેલ, | 'કલા, સાહિત્ય અને વિવેચન', | ૨૦૦૦, | ૬૯ |

# ૨.ગુજરાતી સાહિત્યમાં કૃતિ વિવેચનની ગતિવિધિ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ નર્મદયુગ

૨.૨.૧ નર્મદ

૨.૨.૨ નવલરામ

૨.૨.૩ મણિલાલ નભુભાઇ

૨.૨.૪ રમણભાઇ

૨.૨.૫ નરસિંહરાવ

૨.૨.૬ અન્ય વિવેચકો

૨.૩ ગાંધીયુગ

૨.૩.૧ રામપ્રસાદ બક્ષી

૨.૩.૨ વિજય રાય વૈદ્ય

૨.૩.૪ રસિકલાલ પરીખ

૨.૩.૪ વિશ્વનાથ ભટ્ટ

૨.૩.૫ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

૨.૩.૬ ડોલરરાય માંકડ

૨.૪ આધુનિક-અનુઆધુનિક-સાંપ્રત યુગ

૨.૪.૧ જયંત કોઠારી

૨.૪.૨ ભરત મહેતા

૨.૪.૩ જયેશ ભોગાયતા

### ૨.૪.૪ બિપિન આશર

## ૨.૫ ઉપસંહાર